નં. કવશ/૭૨(૨)/૯૧-૯૨/ ૧૪૯૯
નિયામક સમાજ સુરક્ષા ખાતાની કચેરી
ગુજરાત રાજ્ય, જિલ્લા પંચાયત ભવન
સાતમો માળ, લાલ દરવાજા,અમદાવાદ
તા. ૩/૭/૯૧

**પ રિ પ ત્ર**

વિષય :- સંસ્થામાંથી મુકત થતાં બાળકો/અંતેવાસીઓની આર્થિક સહાય મંજુર કરવા બાબત.

ઉપરોકત વિષય બાબતે જણાવવાનું કે સંસ્થામાંથી મુકત થતાં બાળકો/અંતેવાસીઓને પુનઃ સ્થાપન માટે રૂ. ૨૦૦૦/- આર્થિક સહાય મંજુર કરવામાં આવે છે. આ આર્થિક સહાય મંજૂર કરવા અંગે સંસ્થાઓની જે દરખાસ્તો આવે છે તેમાં અધુરી માહિતી મોકલવામાં આવે છે. પરિણામે પત્રવ્યવહાર કરવામાં ઘણો સમય જાય છે જેથી સહાય મંજૂર કરવામાં વિલંબ થાય છે. આથી સંસ્થાના અંતેવાસીની આર્થિક સહાય મંજુર કરવા માટે દરખાસ્તો મોકલી આપવામાં આવે ત્યારે નીચે જણાવેલ મુદ્દાઓની પુરી ચકાસણી કરી ત્યાબાદ જ દરખાસ્ત મોકલી આપવી.

(૧) અંતેવસી સંસ્થામાં કેટલો સમય રહેલ છે ? સંસ્થામાંથી મુકત થયાની તારીખ અચૂક લખવી આફટર કેર હોસ્ટેલ જેવી સંસ્થામાં બાળક છેલ્લે કયારે આવેલ અને મૂળ સંસ્થામાંથી કયારે છુટો થયેલ છે. તેની વિગત દર્શાવવી.

(૨) નિયમ મુજબ રૂ. ૨૦૦૦/- નો મર્યાદામાં જ આર્થિક સહાય મંજુર કરવામાં આવે છે આ સહાય કરતાં વધુ રકમનો ખર્ચ થવા સંભવ હોય તો વધારાના ખર્ચની રકમ સહાયાર્થી જાતે ભોગવશે કે કેમ ? અથવા કઈ રીતે મેળવશે તેની ચકાસણી કરી, સહાયાર્થી પોતે સમંત છે તેવું સંમતિપત્ર સામેલ રાખવું.

(૩) જો સહાયાર્થી આ ખર્ચ ભોગવવા તૈયાર ન હોય તો સંસ્થાના વડાએ બીજી શું વ્યવસ્થા કરેલ છે ? વધારાના ખર્ચની આર્થિક મદદ કરવા કોઈ સર્વીસ કઈ કે સંસ્થા/મંડળ તૈયાર છે કે કેમ ? અથવા તો કોઈ વ્યકિત આર્થિક રીતે મદદરુપ બનવા તૈયાર હોય તો તેને અગાઉથી સંપર્ક કરી તેઓ સહાય આપવા સંમત છે તેવું સંમતિપત્ર મેળવી સામેલ રાખવું જેથી વધારાનો ખર્ચ કરવાની અસમર્થતાને કારણે આર્થિક સહાયના આદેશ રદ કરવાના પ્રસંગો ઉપસ્થિત ન થાય.

ઉપરોકત વિગત સિવાયની અધૂરી દરખાસ્ત ધ્યાને લેવામાં આવશે નહિ અને તેની જવાબદારી જે તે સંસ્થાના અધિક્ષકની રહેશે.

(signature)
નિયામકવતી
સમાજ સુરક્ષા ખાતુ ગુ.રા.અમદાવાદ

નકલ રવાના :-

(૧) અધિક્ષક જુવેનાઈલ હોમ, વડોદરા. સુરત, ભરુચ
(૨) અધિક્ષક જુવેનાઈલ હોમ ફોર ગર્લ્સ, અમદાવાદ, ભરુચ
(૩) સ્પે હોમ ફોર બોયઝ/ ગર્લ્સ, રાજકોટ
(૪) આફટર કેર હોસ્ટેલ, વડોદરા (૨) જિલ્લા આશ્રય ગૃહ, અમદાવાદ (૧૦) પુરુષ રાજ્ય આશ્રયગૃહ રાજકોટ